
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ સિંહ

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર રાત્રે અગિયાર વાગે સિંહમાંથી કન્યા રાશિમાં પ્રવેશ કરશે. આજે હોળાષ્ટક, મીનારક કમૂરતાં તથા ચાંડાલ યોગ ચાલે છે. ગુરુ સૂર્યનો પરિવર્તન યોગ તથા ગુરુ ચંદ્રનો ગજકેસરી યોગ ચાલે છે. મીનનો બુધ નીચનો છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે બુધ સૂર્ય ખોટી બુદ્ધિની પ્રેરણા આપે - ખોટાં કામો કરવા પ્રેરણા આપે - અયોગ્ય નિર્ણયો લેવડાવે - બાકીના ગ્રહો સારા છે જેથી આજના દિવસ દરમિયાન આપને મિશ્ર ફળ મળે.

**વૃષભ** કેન્દ્રમાં સૂર્ય બુધ સિવાયના તમામ ગ્રહો ત્રણ સ્થાનોમાં આવેલ છે ને અગિયારમે સૂર્ય બુધ નીચના છે. જેથી તમારે આજનો દિવસ મિશ્ર ફળવાળો સમજીને ચાલવું - મિશ્રફળ મળે.

**મિથુન** ત્રીજે ગુરુ - આઠમે શુક્ર તમારો દિવસ સારો પસાર કરાવે - રાહુ સાથે હોઈ બેચેની રખાવે. જાતજાતના વિચારો આવે. ખોટા ને અયોગ્ય વિચારોથી દૂર રહેવું - સાવધાની રાખવી.

**કર્ક** બાળકોના ભણવા પ્રત્યે ધ્યાન આપવું આપને માટે અનિવાર્ય છે - ખાસ કરીને તેઓ લડાઈ - ઝઘડા - ટંટા - ફિસાદમાં ફસાય નહીં તેનું કાળજીપૂર્વક ધ્યાન રાખશો.

**સિંહ** કેન્દ્રમાં સૂર્ય બુધ સિવાયના તમામ ગ્રહો ત્રણ સ્થાનોમાં આવેલ છે ને આઠમે સૂર્ય બુધ નીચના છે તેથી આજનો દિવસ વ્યગ્રતા અને બેચેનીમાં પસાર થાય - ભક્તિ પૂજા થાય તો સારું.

**કન્યા** રાશિપતિ સાતમે છે જે નીચનો છે - જીવનસાથી અંગે ખોટા વિચારો લાવે માટે જીવનસાથી સાથે જે તે બાબતે સ્પષ્ટતા કરી લેવી. કાળજી રાખવી.

**તુલા** સારા - નરસા ગ્રહ યોગો એક સાથે ચાલે છે માટે કોઈ પણ બાબતે ઉતાવળીયો નિર્ણય લઈને આગળ ન વધવું નહીં તો નુકસાન થાય - ધ્યાન રાખીને ચાલશો.

**વૃશ્ચિક** બુધ સૂર્ય નીચના થઈ પાંચમે છે ને કેન્દ્રમાં બાકીના તમામ ગ્રહો કેન્દ્રમાં પડેલા છે જેથી તમારે તમારા સંતાનો બાબતે ચિંતિત રહેવું જરૂરી છે. ધ્યાન રાખશો.

**ધન** ચોથે સૂર્ય બુધ નીચના છે તેમજ બારમે શનિ મંગળ છે - આ બંને યુતિ આપના માટે હાનિકારક છે. ધ્યાન રાખીને ઈષ્ટ દેવનું સ્મરણ કરશો તો ફાવશો - સાવધ રહેશો.

**મકર** આજે આપને શુભ - અશુભ ગ્રહોની અસરો ને કારણે બેચેની - વ્યગ્રતા રહે. ધ્યાન રાખીને ભક્તિ - પૂજામાં સમય વ્યતીત કરશો તો આજે આપને મિશ્ર ફળ મળશે.

**કુંભ** બીજે બુધ સૂર્ય નીચનો છે તેમજ કેન્દ્રમાં બાકીના બીજા બધા ગ્રહો આવેલા છે જેથી તમારે સાવચેત રહેવું જરૂરી છે - તંદુરસ્તીની કાળજી રાખશો તો સારું. ધ્યાન રાખશો.

**મીન** જીવનસાથી સાથે વિસંવાદિતા ઉભી થવાના યોગો છે - જેટલું સાચવીને બોલશો તેટલું ફાવશો - નહીં તો મિત્રો સાથે પણ વાદવિવાદ થઈ શકે છે - ધ્યાન રાખશો.

## કંપની સમાચાર

### માઈક્રોસોફ્ટ ગુજરાતમાં નાના અને મધ્યમકદના વ્યાપારો માટે તેની પાર્ટનર ઈકોસિસ્ટમથી સોલ્યુશન્સ રજૂ કરશે

**રાજ્યના નાના અને મધ્યમ કદના વ્યાપારો સુધી પહોંચવા ગુજરાત વેપારી મહામંડળ સાથે હાથ મિલાવ્યા**

માઈક્રોસોફ્ટે ગુજરાતના નાના અને મધ્યમ કદના વ્યાપારો (એમએમબીએસ) માટે તેની પાર્ટનર ઈકોસિસ્ટમ મારફતે બિઝનેસ સોલ્યુશન્સ રજૂ કર્યા છે. રાજ્યભરના એસએમબીએસ સુધી પહોંચવા માઈક્રોસોફ્ટે ગુજરાત વેપાર મહામંડળ સાથે હાથ મિલાવ્યા છે. માઈક્રોસોફ્ટના પાર્ટરનર્સ સ્માર્ટર એસએમબી અને આઈડોઝ પર તૈયાર થયેલા આ સોલ્યુશન્સ કસ્ટમર રિલેશનશીપ મેનેજમેન્ટ, ફાયનાન્સ અને એકાઉન્ટીંગ અને સંસ્થાકીય અસરકારકતા જેવા વિસ્તારોમાં એસએમબીની મહત્વની જરૂરિયાતોને સંતોષે છે. આ સોલ્યુશન્સ માઈક્રોસોફ્ટ ક્લાઉડ પર કાર્ય કરે છે અને પ્રતિમાસ રૂ. ૨૫૦ની નજીવી કિંમત પર ઉપલબ્ધ છે. ટોચના માઈક્રોસોફ્ટ પાર્ટનર બિટસ્કેપ ઈન્ફોટેક દ્વારા ગુજરાતમાં આ સોલ્યુશન્સનું ડેપ્લાયમેન્ટ થશે. આજે રજૂ થયેલા સોલ્યુશન્સની ખાસિયત વપરાશની સરળતા, ડેપ્લોયમેન્ટ અને સારસંભાળ છે. આજથી ઉપલબ્ધ થયેલા ખાસ સોલ્યુશન્સમાં સ્માર્ટરબિઝ બાય સ્માર્ટર એસએમબી અને આઈડોસનો સમાવેશ થાય છે.

સ્માર્ટબિઝ બાય સ્માર્ટબિઝ બાય સ્માર્ટર એસએમબી તે માઈક્રોસોફ્ટ એક્સેલ પર તૈયાર થયેલી સીઆરએમ એપ્લીકેશન છે. તે એસએમબીને કસ્ટમર રિલેશનશીપ્સનાં સંચાલનમાં, વેચાણોનાં વધારામાં, ગ્રાહકો સાથેનું કોમ્યુનિકેશન અને જોડાણ વધારવામાં મદદ કરે છે. સ્માર્ટબિઝ ગ્રાહકોને સરળતાથી વાપરી શકાય તેવા મોબાઈલ એપ, માલિકીની નજીવી કિંમત અને સરળ સેટઅપને કારણએ ઘણું ઉપયોગી છે.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

રીતે સારા અને નરસા એવા બે ભાગમાં તેને વહેંચી લઈએ છીએ. નરસા માની લીધેલા ભાંડુંઓ તરફ અનેક પ્રકારના પૂર્વગ્રહો સહિત વ્યવહાર કરીએ છીએ. માણસાઈના દીવાની વાતો આવા પ્રસ્થાપિત થયેલા વલણને પડકારે છે. આવા ગમા - અણગામાની નિરર્થકતા સિધ્ધ કરી બતાવે છે.

મહારાજ એક સદીનું ગૌરવયુક્ત તથા ઉજળું જીવન જીવીને ગયા. ગુજરાત રાજ્યનું ઉદઘાટન મહારાજના કરકમળોથી થયું તે રાજ્યનું સદભાગ્ય છે. વિમલાજી (ઠકાર) લખે છે કે ''મહારાજને મળું છું ત્યારે ગંગાસ્નાનની શુચિતા લઈને પાછી આવું છું'' કવિ કાગે મહારાજને વધાવતા લખ્યું :

જય જય રવિશંકર પાપ ખયંકર
પુરુષોત્તમનર ગુર્જર કા.
નમો ભવ્ય ભૂદેવ ! નમો તપ -પુંજ નિરંતર,
નમો નયન નિકલંક, નમો ભવ - ભૂખ - દુઃખહર !



## મોડાસામાં વિશ્વ વન દિને રેલી યોજાઈ

સમગ્ર વિશ્વમાં ૨૧મી માર્ચ આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે મનાવવામાં આવે છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક અને જિલ્લા વન અધિકારી આરાધના સાહુ અને જિલ્લાના વન અધિકારીઓ અને પ્રકૃતિપ્રેમીઓ સાથે કોન્ફરન્સ હોલમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે વિડિયો કોન્ફરન્સ સાથે વાર્તાલાપ યોજી જિલ્લા કલેક્ટર કચેરીથી વનકર્મચારીઓ સાથે વિવિધ શાળાના બાળકો સાથે જંગલો બચાવવા સહિત વૃક્ષારોપણ અને વૃક્ષ બચાવવા સહિતના વિવિધ બેનરો દર્શાવતા મોડાસાના મુખ્યમાર્ગ પર રેલી યોજાઈ હતી.

# રાજ્યની શાળામાં ૪૫ ટકા શિક્ષકો જ સ્નાતકથી વધુ ભણેલા છે !

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં કુલ ૩.૧૯ લાખ સરકારી અને ખાનગી શાળાઓના શિક્ષકો પૈકી ૧.૭૫ લાખ (૫૫ ટકા) શિક્ષકો ઉચ્ચત્તર માધ્યમિક અને તેનાથી ઓછી લાયકાત ધરાવે છે. જ્યારે માત્ર ૨૬.૪૧ ટકા શિક્ષકો સ્નાતક અને ૧૮ ટકા અનુસ્નાતકની યોગ્યતા ધરાવે છે.

ઈલેમેન્ટ્રી એજ્યુકેશન રીપોર્ટ કાર્ડ પ્રમાણે ૨૦૧૪-૧૫ પ્રાથમિક શિક્ષણ રિપોર્ટ કાર્ડ ૨૦૧૪-૧૫ની રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૪-૧૫માં રાજ્યમાં કુલ ૪૩૬૩૮ પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ પૈકી સરકારી શાળાઓની સંખ્યા ૩૩૭૫૫ (૭૭.૩૫ ટકા) હતી અને ૯૮૮૩ (૨૨.૬૫ ટકા) શાળાઓ ખાનગી શાળાઓ હતી જેમાં કુલ ૩,૧૯,૧૨૩ શિક્ષકો અલગ અલગ લાયકાત ધરાવતા હતા. કુલ શિક્ષકો પૈકી સરકારી શાળાઓમાં કુલ ૨૦૭૦૧૬ (૬૪.૮૭ ટકા) શિક્ષકો અને ખાનગી શાળાઓમાં ૧૧૨૧૦૭ શિક્ષકો (૩૫.૧૩ ટકા) શિક્ષકો ભણાવે છે.

શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની વિગતોનું એનાલીસીસ કરીએ તો એવુ જાણવા મળે છે કે કુલ શિક્ષકો પૈકી ૧૨૪૦૯ (૩.૮૯ ટકા) શિક્ષકો માધ્યમિક શિક્ષણ કરતાં ઓછુ ભણેલા રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવે છે, જ્યારે માધ્યમિક સુધી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની સંખ્યા ૮૫૨૨૧ (૨૬.૭૦ ટકા) છે અને ઉચ્ચ માધ્યમિક શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની સંખ્યા ૭૭,૯૭૨ (૨૪.૪૩ ટકા) છે. આમ માધ્યમિક કરતાં ઓછી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક આ ત્રણ પ્રકારની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની સંખ્યા ૧,૭૫,૬૦૨ જેટલી થાય છે. જે રાજ્યના કુલ શિક્ષકોની સંખ્યા ૩,૧૯,૧૭૦ પૈકી ૫૫ ટકા જેટલા થાય છે. આનુ અર્થ એમ થાય કે રાજ્યની શાળાઓમાં ભણાવતા શિક્ષકો પૈકી માત્ર ૪૫ ટકા શિક્ષકો જ સ્નાતક કે તેના વધારે ભણેલા છે અને શૈક્ષણિક યોગ્યતા ધરાવે છે. આમ સ્નાતક સુધી શૈક્ષણિક યોગ્યતા ધરાવતા શિક્ષકોની સંખ્યા ૮૪૨૭૭ (૨૬.૪૧ ટકા) અને અનુસ્નાતક શૈક્ષણિક લાયકાત ધરાવતા ૫૭૩૯૭ (૧૭.૯૮ ટકા) અને ઉચ્ચ શિક્ષણ પામેલા જેમ કે એમ.ફીલ અને પીચ.ડી. કે તેનાથી વધારે અભ્યાસ કરેલા શિક્ષકોની સંખ્યા ૧૮૯૩ (૦.૦૫૯ ટકા) છે.

# ચિલોડા પંથકમાં અન્ન સુરક્ષા યોજનાથી અનેક હકદારો વંચિત

**શ્રીમંત વર્ગનો સમાવેશ જયારે ગરીબ, મધ્યમ અને જરૂરીયાતમંદ વર્ગના નામોનો છેદ ઉડી ગયો, લોકોમાં આક્રોશ**

ગાંધીનગર, તા.૨૧

કેન્દ્ર સરકારે તાજેતરમાં અન્ન સુરક્ષા બિલ અમલમાં મુકયુ છે. જેમાં પાંચ વર્ષ અગાઉ સર્વે કરી લાભાર્થી યાદી બનાવાઈ હતી તેને આધાર બનાવી અન્ન સુરક્ષા યોજનામાં સમાવેશ કરેલ છે. આ લાભાર્થીમાં ગોટાળા થયા હોવાના આક્ષેપો સાથે ચિલોડા પંથકમાં ગરીબ, મધ્યમ અને જરૂરિયાતમંદ વર્ગ કે જે હકદાર હતા તે આ યાદીથી લાભ માટે વંચિત બની ગયા છે. વધુમાં આ અંગે હાલ રેશનીંગ દુકાને તથા મામલતદારમાં મોટી સંખ્યામાં વંચિત લોકો ઉમડી પડી પોતાના દસ્તાવેજી પુરાવા રજુ કરી હક્ક માટે રજુઆત કરી રહ્યા છે અને આક્રોશ સાથે લાભાર્થી યાદીમાં ગોટાળાનો આક્ષેપ કરી રહ્યા છે.

ચિલોડા પંથકના અનેક ગામોના નાગરીકો અન્ન સુરક્ષા યોજનામાંથી બાદ થઈ જતા ભારોભાર અન્યાયની લાગણી અનુભવી રોષ પ્રગટ કરી રહ્યા છે. આ યોજના ૧ એપ્રિલથી અમલી બની રહી છે જે માટે વર્ષ ૨૦૧૧માં સર્વે કરાયો હતો પરંતુ આ સર્વે ઓફીસમાં જ બેસીને કર્યો હોવાનો બાળાપો હક્કદાર વર્ગ કાઢી રહ્યો છે. લાગતા વળગતા મળતીયા લોકોની યાદી બનાવી દીધી હોવાના આક્ષેપ સાથે નાગરિકો જણાવી રહ્યા છે કે આ યાદીમાં સુખી સંપન્ન લોકોના નામ છે, જેની મોટી જમીનો છે, વૈભવી બંગલા છે, ગાડી છે જે ખરેખર હકકદાર નથી અને આ પ્રકારની પ્રવૃત્તિથી વિસંગતતા ઉભી થઈ ગઈ છે.

એસઈસીસી ૨૦૧૧ના સર્વે આધારે ૨૨-૭-૧૪ના ઠરાવ મુજબ આ યાદી બનાવી જરૂરિયાતમંદ અને ગરીબ વર્ગનો રીતસર છેદ ઉડાડી ભુખમરાની સ્થિતિ પેદા કરી નાખવામાં આવી છે. ઘઉં, ચોખા તથા અન્ય અનાજ ૩૫ કિલોની માત્રામાં ગરીબ વર્ગને મળતું હતું અને આર્થિક અસહાય પરિવારો સરકારની આ યોજનાથી બેટંક રોટલા ભેગા થતા હતા પરંતુ ગરીબોનો કોળીયો ઝુંટવી લેવાની આ જે રીત અને કાર્યવાહી કરાઈ છે તેમાં ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા લોકો વ્યકત કરી રહ્યા છે. ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી સહિતના અનેક જિલ્લાઓમાં બુમરાણ મચી છે અને મામલતદાર કચેરીએ લોકો ઉમટી રહ્યા છે તો બીજી તરફ તંત્ર યાદી પ્રમાણે રેશનીંગ કાર્ડ ઉઘરાવી સહી સિક્કા કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે જેમાં લોકોએ આ સર્વે ફરીથી કરવા બુલંદ માંગ કરી છે.

## ફેરફાર નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદિવાસીઓના અધિકારોને કોઈપણ નુકસાન થયું નથી. ભાજપ ઘણા રાજ્યોમાં સત્તા પર છે. કોઈ જગ્યાએ કોઈ નુકસાન થયું નથી. નવી દિલ્હીમાં આંબેડકર મેમોરિયલ લેક્ચર આપતા તેમણે કહ્યું હતું કે, ભાજપના શાસનમાં દલિતો, આદિવાસીઓને કોઈ નુકસાન થયું નથી પરંતુ હજુ પણ લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જ્યારે વાજપેયી વડાપ્રધાન બન્યા હતા ત્યારે પણ એવી અફવા ફેલાવવામાં આવી હતી કે, અનામતને રદ કરી દેવામાં આવશે. વાજપેયી બે અવધિ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. દલિતો અને આદિવાસીઓના અનામતને કોઈ નુકસાન થયું ન હતું. મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ અને હરિયાણામાં ઘણા વર્ષથી ભાજપ સરકાર છે પરંતુ ક્વોટા નીતિમાં કોઈ ફેરફાર કરાયા નથી. હરીફો દ્વારા બિનજરૂરી માહિતી ફેલાવવામાં આવી રહી છે. આવા લોકોને માત્ર રાજનીતિ કરવામાં રસ છે પરંતુ લોકો તમામ બાબત જાણે છે. અનામત દલિતો અને વંચિત લોકોનો અધિકાર છે આને કોઈ આંચકી શકે નહીં. અગાઉ પણ તેઓ આવી વાત કરી ચુક્યા છે. આંબેડકર નેશનલ મેમોરિયલની આધારશીલા મુકતા વડાપ્રધાને તેમના રાજકીય હરીફોને ટાર્ગેટ બનાવ્યા હતા અને કહ્યું હતું કે, દેશના બિનસાંપ્રદાયિક માળખાને ક્યારેય કોઈ નુકસાન થશે નહીં.

## લોન સસ્તી થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોઅચે બેંકમાં ફિક્સ્ડ ઈનકમ એન્ડ કરેન્સીના હેડ શ્રીનિવાસ વરદરાજને કહ્યુ છે કે આના કારણે બેંકોને થાપણના દર ઘટાડી દેવામાં મદદ મળી શકે છે. જાહેર બચત પર રેટમાં કાપ બાદ સરકારનીચારેબાજુ ટિકા થઈ રહી છે પરંતુ સરકારે આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો છે.

સરકારે પીપીએફ અને કિસાન વિકાસ પત્ર સહિત કેટલાક ટર્મ ડિપોઝીટ માટે વ્યાજદરો ૬૦-૧૩૦ બેઝિક પોઈન્ટ ઘટાડી દેવામાં આવ્યા છે. જેની ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવનાર છે. જેના કારણે આ કંરટ માર્કેટ રેટ કરતા વધારે નજીકથી જોડાઈ શકે છે. નાની બચત સ્કીમોમાં જોડાયેલા મૂડીરોકાણકારો અને મધ્યમ વર્ગના લોકોને શુક્રવારના દિવસે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, સરકારે નાની બચત સ્કીમ ઉપર વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો. પીપીએફ ઉપર વ્યાજદરને પણ ઘટાડી દેવામાં આવ્યો હતો. કેટલીક સ્કીમોના વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. તેમની સામાજિક સુરક્ષા રકમ જેમાં રોકવામાં આવે છે તે સ્કીમોમાં વ્યાજદર ઘટાડી દેવામાં આવતા સામાન્ય લોકોમાં નારાજગી જોવા મળી રહી છે ત્યારે જેટલીએ આજે નાની બચતની સ્કીમમાં વ્યાજદરમાં ઘટાડો કરવાના નિર્ણયનો બચાવ કર્યો હતો.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે માધ્યમિક શાળાની વિદ્યાર્થીઓ પાછળ વર્ષ ૨૦૧૪માં રૂ. ૨,૧૪,૦૦૦ અને વર્ષ ૨૦૧૫માં રૂ. ૧,૭૪,૦૦૦નો ખર્ચ થયો છે.

૨૦૧૪માં પ્રા. શાળાની ૨૫૮ વિદ્યાર્થીનીઓને લાભ અપાયો હતો જ્યારે વર્ષ ૨૦૧૫માં ૩૫૬ વિદ્યાર્થીનીઓને મળી કુલ ૬૧૪ વિદ્યાર્થીનીઓને આ લાભ અપાયો છે. જ્યારે ૧૦૭ મા. શાળાની બાળાઓને વર્ષ ૨૦૧૪માં અને ૮૭ બાળાઓને મળી કુલ ૧૯૪ બાળાઓને આ લાભ આપવામાં આવ્યો છે.

● પ્રા. શાળામાં કોમ્પ્યુટર લેબ

જિલ્લાની ૫૦ ટકા કરતાં પણ વધુ પ્રા. શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત નહિ હોવાનો એકરાર રાજ્ય સરકારના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં કર્યો છે.

કોંગીના દહેગામના ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડે જિલ્લાની શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૨૦૧ પ્રા. શાળાઓમાં કોમ્પ્યુટર લેબ હાલ કાર્યરત છે. જિલ્લામાં ૬૨૭ સરકારી પ્રા. શાળાઓ આવેલી છે તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં દહેગામની ૧૫૪ પ્રા. શાળામાં, ગાંધીનગરની ૧ શાળામાં, કલોલની ૧ શાળામાં અને માણસાની ૫૫ શાળાઓમાં મળી કુલ ૨૦૧ પ્રા. શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત છે.

તેમણે એમ પણ જણાવ્યુ છે કે કોમ્પ્યુટર લેબ માટે પ્રા. શાળાઓમાં અલગ ઓરડાઓ બનાવવામાં આવ્યા નથી.

● પ્રા. શાળાના બાળકોને વાહનની સુવિધા

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત પ્રા. શાળાના બાળકોને વાહનની સુવિધા આપવાની યોજના ગાંધીનગરમાં કાર્યરત હોવાનું શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪માં દહેગામના ૧૫૦, ગાંધીનગરના ૬૮૦, કલોલના ૧૪૬ અને માણસાના ૩૭૩ એમ મળી કુલ ૧૩૪૯ બાળકોને વાહનની સુવિધા આપવામાં આવી હતી અને તેની પાછળ રૂ. ૩૫,૦૫,૧૦૩નો ખર્ચ થયો છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં દહેગામમાં ૧૫૩, ગાંધીનગરમાં ૧૧૮૩, કલોલમાં ૪૭૦ અને માણસામાં ૬૧૭ વિદ્યાર્થી મળી કુલ ૨૪૨૩ વિદ્યાર્થીઓને આ વાહનનો લાભ આપવામાં આવ્યો છે. આ પાછળ રૂ. ૪૫,૫૭,૪૫૩નો ખર્ચ થયો છે.

આમ છેલ્લા બે વર્ષમાં ૩૭૭૨ વિદ્યાર્થીઓને વાહનની સુવિધાનો લાભ આપવામાં આવ્યો છે અને રૂ. ૯૦,૨૨,૫૫૬નો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો છે.

## સાઈકલ શેરીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આ તબક્કે આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાંવ્યુ હતુ કે આજે વિશ્વ વન દિવસ છે. ત્યારે વાહનોનુ પ્રદુષણ અટકે તે અનિવાર્ય બન્યુ છે.સ્વચ્છ ,સુંદર અને હરિયાળા પાટનગરમાં હવે નગરજનોને વિનામુલ્યે સાઈકલ સવારી પણ નસીબ થશે. ગુડાએ આ પ્રોજેકટને અનુલક્ષી પ્રારંભિક તબક્કે ૧૦૦ જેટલી સાઈકલ નાગરિકો માટે સ્ટેન્ડ પર મુકવામાં આવી છે. એક સાઈકલની કીંમત રૂ ૭,૫૦૦ છે. આગામી દિવસોમાં જરૂરિયાતને ધ્યાને લઈ વધુ સાઈકલો પણ મુકવામાં આવશે. હરિયાળા ગાંધીનગરમાં શરૂ થતો આ પ્રોજેકટ ગુજરાતની અન્ય નગરપાલિકાઓ માટે પણ પ્રેરણાદાયી બનશે. પર્યાવરણની જાળવણી તેમજ નગરજનોની શારિરીક સુખાકારી માટે ગુડા દ્વારા શરૂઆત કરવામાં આવી છે. શહેરમાં વાહનોનુ પ્રદુષણ અટકાવાનુ અનિવાર્ય બન્યુ છે. ગુજરાતમાં ગરિબ માણસ જ સાઈકલ ચલાવે તેવી માનસિકતા વિકસી છે. તે આપણી કમનસીબી છે.ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના પણ મહત્વના કામો થયા છે. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગરાઓના ફાળ શ્રમકાર્ય ઓછુ આવે છે. ત્યારે તંદુરસ્ત અને પર્યાવરણપ્રેમી સમાજ માટે સાઈકલ શેરીંગ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. યુવાનો જીમમાં જઈને કસરત કરે છે. ત્યારે સાઈકલ શેરીંગ પ્રોજેકટ તેમના માટે વિશેષ લાભદાયી પુરવાર થશે. ત્યારે આગામી દિવસોમાં નગરને પ્રદુષણમુકત બનાવવાના આ અભિયાનમાં યુવાનો રોલ મોડેલ બની રહેશે. સાઈકલ શેરીંગ પ્રોજેકટના પ્રારંભ દરમિયાન નગરના સાઈકલીસ્ટોનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ જેમાં પ્રીતી સોનવાણી,પીંકી જહાં, સંજય થોરાત, વર્ષાબેન પારેખ,કૃષ્ણકાન્ત અડાલજા,મેઘલ એરડા,તેમજ બાબુભાઈ વણઝારા સહીતના સાઈકલીસ્ટોનુ શાલ ઓઢાડી આરોગ્ય મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ. સાઈકલ શેરીંગ પ્રોજેકટના પ્રારંભે મોટી સંખ્યામાં યુવાનો તેમજ વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહયા હતા. આ તબક્કે મેયર હંસાબેન પટેલ,ધારાસભ્ય અશોક પટેલ, શુંભુજી ઠાકોર,પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ ઈન્ફોસીટીના એમ ડી સુવાસ બારોટ સહીતના આગેવાનો હાજર રહયા હતા.

## અસમંજસતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવશે. ત્યારે ગાંધીનગરમાં પણ હોળી પ્રાગ્ટયની વાતને અનુલક્ષીને ગુંચવણભરી સ્થિતિ યથાવત છે. જો કે આ મામલે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ હતુ કે હોળીપ્રાગટ્ય માટે મંગળવારને અશુભ માનતા લોકોની અંધશ્રધ્ધાએ આખી વાત ઉભી કરી છે. હોળી પ્રાગટ્ય માટે સાંયકાળ બાદ પ્રદોષવ્યાપી પુર્ણિમા હોવી જોઈએ.હોળીકાદહનનો પુનમ સાથે સંબંધ છે. પ્રદોષ સમયે હોવી જોઈએ. મંગળવારે ૩ કલાકે ૪મિનિટે પુનમ છે. જયારે બુધવારે ૫ કલાક અને ૩૨ મિનિટે ઉતરી જાય છે. જેથી બુધવારે પ્રદોષ મળે નહી. એકમના દિવસે હોળી પ્રાગટ્ય રાષ્ટ્ર માટે નુકશાનકારક છે. હોળીદહન માટે મંગળવાર યોગ્ય છે.

જયારે હોળીકાદહન માટે નગરના જયોતિષ તજજ્ઞ અંબાલાલ પટેલે જણાંવ્યુ હતુ કે સંવત-૨૦૭૨ ફાગણસુદ ચૌદશ અને મંગળવારે ૨૨ માર્ચના રોજ પ્રદોષ પુર્ણિમા છે. જયારે તા ૨૩ માર્ચના રોજ સુર્યાસ્ત પહેલા પુર્ણિમા સમાપ્ત થાય છે. એટલે હોળીકાદહન અંગે દ્વીધા ઉભી થાય તે સ્વાભાવિક છે. હોળીપ્રાગટ્ય સમયે ભદ્રાદોષ ન હોય એટલે હોળી મંગળવારે પ્રગટાવાય તો ભદ્રાદોષમાં પ્રગટાવી ગણાય આમછતા એકમ ઋદ્દુગામી હોવાથી પુર્ણિમાના દિવસે હોળીકાનુ દહન કરવાની તિથિ છે. આ અંગે શાસ્ત્રમાં ધર્મસિંધુના નિયમ પ્રમાણે ૩:૫૦ પ્રહર કરતા વધુ હોવાથી અને વદ એકમ ઋદુગામી હોવાથી ઘણાં પંચાગમાં ૨૩ માર્ચના રોજ ઉતાસણી જણાંવી છે. પ્રદોષકાળે પુર્ણિમા ન હોવાછતા હોળી પ્રાગ્ટ્ય થઈ શકે તેવો એક મત છે. જેમાં ગુજરાતનો કેટલોક ભાગ હોળિકાના પ્રદીપનથી અલગ આવે છે. આ ભાગમાં હોલીકાદહન ૨૨ માર્ચના રોજ તેમજ મહદઅંશે ગુજરાતમાં ૨૩ માર્ચના રોજ હોળીપ્રાગટ્ય કરવાનો સમય રહે. જયારે આ અસમંજસ વચ્ચે ભારત જન વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયાએ જણાંવ્યુ છે કે હોળીપ્રાગટ્ય માટે મુહુર્ત જોવાની કોઈ જરૂર નથી. લોકોને પોતાના વિસ્તારની અનુકુળતા મુજબ હોળી પ્રગટાવવા માટે અપીલ કરવામાં આવી છે. આ માટે કોઈપણ પ્રકારની શંકા કુશંકા રાખવાની જરૂર નથી. તેમણે જણાંવ્યુ હતુ કે ૨૧મી સદીમાં હોળીની ઝાળના વરતારા કરવા તે મુર્ખામીનુ પ્રદર્શન છે.જ્યોતિષ પંચાગનો પાયો જ અસત્ય પર છે.મંગળવારે કે બુધવારે હોળી પ્રગટે તેમાં કોઈ લાભ કે નુકશાન નથી. પંચાગ ચોપડીની અવગણના કરી ૨૩ મી એ બુધવારે જ હોલીકાઉત્સવની ઉજવણી કરવા અપીલ કરવામાં આવી છે.

## આયુર્વેદ કોલેજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. આ માટેની તૈયારીઓ લગભગ પૂરી થઈ જવામાં છે.

કોલવડા આયુર્વેદ કોલેજ દેશમાં મોડેલ આર્યુવેદ કોલેજ બનશે. હાલ ગુજરાતમાં આર્યુવેદ માટે ૩૬૦ બેઠકો છે. આ ૧૦૦ નવી બેઠકો આવતાં હવે અભ્યાસક્રમ માટે ૪૬૦ બેઠકો બનશે.

આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર હાલ અહિ ઓ.પી.ડી.ની સેવાઓ ચાલુ કરી દેવામાં આવી છે. કોલેજ માટે જરૂરી સ્ટાફની ભરતીની પ્રક્રિયા પણ હાથ ધરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલ અને ૪૦૦ બેડની આયુર્વેદ હોસ્પિટલ સાથે જિલ્લામાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થશે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અહિ સ્નાતક, પી.જી. અને પી.એચ.ડી. વિદ્યાશાખા પણ શરૂ કરવાનું આયોજન છે. આ કામગીરી તબક્કાવાર થશે. સૂત્રોના જણાવ્યાનુસાર અહિ આયુર્વેદ કોલેજની સાથે હોસ્પિટલ પણ મોડેલરૂપ બનશે.

હોસ્પિટલ સંકુલની આસપાસ આયુર્વેદના ઔષધનું પણ વાવેતર થશે જેથી તે સંશોધન માટે પૂરક બની રહેશે. હોસ્ટેલની સુવિધા ઉપરાંત સ્ટાફ ક્વાટર્સ પણ કેમ્પસમાં નિર્માણ કરવામાં આવ્યા છે.

હાલ ચાલી રહેલી ઓ.પી.ડી.માં સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને ૧લી મે એ તેનું લોકાર્પણ કરવા અંગેની પણ સક્રિયતાથી વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. આજે આયુર્વેદ કાઉન્સીલના શ્રી ભરત બોછરા અને નિષ્ણાતો સાથે રાજ્યના આરગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ વચ્ચે એક બેઠક પણ યોજાઈ છે જેમાં આ અંગેના આખા રોડમેપને આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...



જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ